NHS
Leicestershire Partnership
NHS Trust

**A university teaching and research-active Trust**
Bridge Park Plaza
Bridge Park Road
Thurmaston
Leicester
LE4 8PQ
www.leicspart.nhs.uk

ટેલિફોન: 0300 3000 007
ઈ-મેલ: lpt.sais@nhs.net

ડિસેમ્બર 2023 - જુલાઈ 2024

પ્રિય માતા-પિતા/કાળજી રાખનાર અને યંગ પર્સન (સગીર વ્યક્તિ),

**સગીર વ્યક્તિઓ માટે 3-ઈન-1 ટીનએજ બૂસ્ટર અને મેનિન્જાઈટિસ રસીકરણ કાર્યક્રમ**

અમે શાળા વર્ષ 9 (ઉંમર 13 થી 14 વર્ષ) અથવા તેનાથી ઉપરના તમામ સગીર વ્યક્તિઓને બે અગત્યના રસીકરણો ઉપલબ્ધ કરાવીએ છીએ, જે તેમણે શિશુ રસીકરણ કાર્યક્રમના ભાગરૂપે મેળવેલા રક્ષણને ચાલુ રાખે છે, અથવા પૂર્ણ બનાવે છે. આ રસીઓને ઝડપથી બાવડાના ઉપલા ભાગમાં આપવામાં આવે છે અને માધ્યમિક શાળામાં અભ્યાસ દરમ્યાન ફક્ત એક વખત આપવી જરૂરી હોય છે.

આ નિયમિત ક્રમની રસીઓ **વિનામૂલ્યે, સલામત અને અસરકારક** હોય છે. તેઓ આ મુજબ છે:

- **3-ઈન-1 ટીનએજ બૂસ્ટર રસી,** જે ધનુર (ટેટનસ), ડિપ્થેરિયા, પોલિયો સામે રક્ષણ આપે છે (Td/IPV). આ તમામ રોગો જીવલેણ બની શકવાની ક્ષમતા ધરાવે છે અને શ્વસન સંબંધિત સમસ્યાઓ નીપજાવી શકે છે, ચેતાતંત્રને પ્રભાવિત કરી શકે છે તથા ગંભીર નુકસાન નીપજાવી શકે છે. વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: tiny.cc/boosterleaflet
- **મેનિન્જાઈટિસ ACWY રસી**, જે મેનિન્જાઈટિસના પ્રકારો A, C, W અને Y, જે મેનિન્જાઈટિસ (મગજના આંતરિક આવરણનો સોજો) અને સેપ્ટિસીમિયા (રક્ત વિષાક્તતા) નીપજાવી શકે છે, તેમની સામે રક્ષણ આપે છે. વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: tiny.cc/menacwyleaflet

ઉપરોક્તમાંના કોઈપણ રોગનો ઉપચાર સંભવ નથી, આથી રક્ષણ મેળવવાનો સૌથી ઉત્તમ રસ્તો રસીઓ મૂકાવવાનો છે.

ટ્રસ્ટનું વડુમથક: Bridge Park Plaza, Bridge Park Road, Thurmaston, Leicester. LE4 8PQ
અધ્યક્ષ: Crishni Waring (ક્રિશનિ વેરિંગ)   ચીફ એક્ઝિક્યુટિવ: Angela Hillery (એન્જેલા હિલેરી)
અમે એક ધૂમ્રપાન-મુક્ત ટ્રસ્ટ છીએ
અમારી ગોપનીયતા સૂચના અહીં જુઓ www.leicspart.nhs.uk/_Aboutus-Whatwedowithyourinformationprivacynotice.aspx
disability confident EMPLOYER

## સંમતિ પ્રક્રિયા સંબંધિત અગત્યનો ફેરફાર: યંગ પર્સન (સગીર વ્યક્તિ) હવે રસીઓ માટે સંમતિ આપી શકે છે.

જો અમને માતા-પિતા અથવા કાળજી રાખનાર તરફથી રસીકરણ માટે સંમતિનો નિર્ણય ન મળે, તો અમે નીચેની પ્રક્રિયાનો ઉપયોગ કરીને, સગીર વ્યક્તિને તે દિવસે રસીકરણ માટે સ્વયં-સંમતિ આપવાની પરવાનગી આપી શકીએ. અમે આ તક 8 વર્ષ અને તેનાથી વધુ ઉંમરના સગીર વ્યક્તિઓને જ રજૂ કરીએ છીએ, જેમણે યોગ્ય રસીકરણ માહિતી વાંચી હોય અને જેમનું સ્વાસ્થ્ય વ્યવસાયિક દ્વારા કઈ બાબતો સામેલ છે તેનો પૂરી રીતે ખ્યાલ આવતો હોવાની પૂરતી સમજણ ધરાવનાર તરીકે મૂલ્યાંકન થયેલું હોય. જેઓ રસીકરણ પ્રાપ્ત કરવા માટે સ્પષ્ટપણે અનુકૂળતા ધરાવતા હોય તેમને જ તે કરી આપવામાં આવશે.

જો માતા-પિતા અથવા કાળજી રાખનારાઓએ પ્રતિસાદ આપ્યો હોય અને સંમતિ નકારી હોય, તો સગીર વ્યક્તિ તે નિર્ણયની ઉપરવટ જઈ શકશે નહિ, અને તેમનું રસીકરણ કરવામાં આવશે નહિ. હંમેશની જેમ, અમે સગીર વ્યક્તિઓ અને તેમના માતા-પિતા તથા કાળજી રાખનારાઓઓને રજૂ કરાયેલા રસીકરણ વિશે વાતચીત કરવા અને સાથે મળીને ફોર્મ (પત્રક) ભરવા માટે પ્રોત્સાહન આપીશું.

સંમતિ વિશે વધુ માહિતી અહીં મળી શકે છે: www.leicspart.nhs.uk/service/schoolagedimms અથવા તમે આ વિડીયો નીચે બતાવ્યા પ્રમાણે જોઈ શકો:




**રસીકરણ અને સંમતિ અંગેની સમજણ**
tiny.cc/vaccinationsandconsent




**અમારા ક્લિનિકલ લીડ સ્વયં-સંમતિ સમજાવે છે**
tiny.cc/selfconsent

જો તમે સગીર વ્યક્તિનું રસીકરણ ન થાય તેમ ઇચ્છતા હોવ તો પણ અમને જણાવી શકો છો.

## રસીકરણો માટે તમારો સંમતિ નિર્ણય કેવી રીતે આપવો

- તમારી શાળા માટેના કોડને નોંધી લેશો. [School name] માટે શાળા કોડ [School code] છે
- www.leicsandrutlandimms.co.uk ની મુલાકાત લો અથવા તમારા સ્માર્ટફોનના કેમેરાનો ઉપયોગ કરી QR કોડ સ્કેન કરીને સીધા વેબસાઈટ પર જાઓ.

ટ્રસ્ટનું વડુમથક: Bridge Park Plaza, Bridge Park Road, Thurmaston, Leicester. LE4 8PQ
અધ્યક્ષ: Crishni Waring (ક્રિશનિ વેરિંગ)   ચીફ એક્ઝિક્યુટિવ: Angela Hillery (એન્જેલા હિલેરી)
અમે એક ધૂમ્રપાન-મુક્ત ટ્રસ્ટ છીએ
અમારી ગોપનીયતા સૂચના અહીં જુઓ www.leicspart.nhs.uk/_Aboutus-Whatwedowithyourinformationprivacynotice.aspx
disability confident EMPLOYER

- **3-ઈન-1 ટીનએજ બૂસ્ટર અને મેનિન્જાઇટિસ ACWY** પસંદ કરો અને સ્કૂલ કોડ દાખલ કરો.
- સંમતિ નિર્ણય વાળા પાના ઉપર, કૃપા કરીને આ પસંદ કરો:
  - હું ઈચ્છું છું કે સગીર વ્યક્તિ એક અથવા બંને રસીકરણો પ્રાપ્ત કરે.
  - હું ઈચ્છું છું કે સગીર વ્યક્તિ કોઈ રસીકરણ પ્રાપ્ત ન કરે.
- જેવું પત્રક જમા થઈ જાય એટલે તમને ઈ-મેલ થકી પુષ્ટિ મળશે.


જો તમે ઓનલાઈન પત્રક ભરવામાં અસમર્થ હોવ, તો કૃપા કરીને અમને **0300 3000 007** પર કૉલ કરશો અથવા તમારી સંપર્ક વિગતો સાથે lpt.sais@nhs.net પર ઈ-મેલ કરશો. જો તમારી સંમતિના નિર્ણય અંગે તમે પોતાનો વિચાર બદલો, તો તેમાં ફેરફાર વિશે કૃપા કરીને ઉપર આપેલા નંબર પર અમને કૉલ કરશો.

તમારી સ્કૂલ તમને જણાવશે કે રસીકરણ સત્ર ક્યારે યોજાવાનું છે. **રસીકરણ સત્ર યોજાવાના બે કામકાજી દિવસ પહેલાં સંમતિ પ્રણાલી બંધ થશે.** તમે તે દિવસે સંમતિ પત્રક જમા કરાવી શકશો નહિ.

આપનો/આપની ભવદીય,

સ્કૂલ એજેડ ઈમ્યુનાઈઝેશન સર્વિસ

| **વારંવાર પૂછાતાં પ્રશ્નો** | |
|---|---|
| કઈ રસી ઑફર કરવામાં આવી રહી છે? | 3-ઈન-1 (એકમાં ત્રણ) ટીનએજ બૂસ્ટર માટે રસી રીવેક્સિસ (Revaxis) છે.<br>મેનિન્જાઇટિસ ACWY માટેની રસી નિમેનરિક્સ (Nimenrix) રસી છે. |
| આડઅસરો કઈ છે? | તમામ દવાઓની જેમ, આ રસી આડઅસરો નીપજાવી શકે છે, જોકે તે બધાને નથી થતી. સગીર વ્યક્તિઓને ઈન્જેક્શન અપાયાની જગ્યાએ સહેજ લાલાશ થઈ શકે. વધુ માહિતી માટે, કૃપા કરીને રસી ઉત્પાદ લીફલેટ (ચોપાનિયું) વાંચશો. |
| હું રસી ઉત્પાદ વિશેનું લીફલેટ (ચોપાનિયું) ક્યાં વાંચી શકું? | 3-ઈન-1 (એકમાં ત્રણ) ટીનએજ બૂસ્ટર માટે, અહીં મુલાકત લેશો: tiny.cc/3in1pil<br>મેનિન્જાઇટિસ ACWY માટે, અહીં મુલાકાત લેશો: tiny.cc/menacwypil |
| શું મને આ માહિતી વિડીયો સ્વરૂપમાં મળી શકે? | અમારી નર્સોમાંથી એકને રસીકરણ વિશે વાત કરતાં અહીં સાંભળશો: http://tiny.cc/boosterinfo |

| | |
|---|---|
| |  |
| સગીર વ્યક્તિ રસીકરણ માટે કેવી રીતે તૈયારી કરી શકે? | 3-ઇન-1 ટીનએજ બૂસ્ટર અને MenACWY રસીઓ વિશે અમારું એનિમેશન જુઓ: tiny.cc/3in1andmenACWYanimation<br> |
| સગીરને સોઈનો ડર છે, શું કોઈ ટેકો ઉપલબ્ધ છે? | તમે આ માહિતી તમારા સંમતિ પત્રકમાં સામેલ કરી શકો છો, અને તે જોઈને અમારી ટીમ ટેકો આપવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે.<br>આ વિડીયો સગીર વ્યક્તિઓને તેમના રસીકરણ અનુભવ વિશે આશ્વાસન અપાવવામાં મદદ કરી શકે: tiny.cc/reassurance – ત્યાં આ વિડીયો પણ છે: tiny.cc/toptipsforvaccinations |
| તે બતાવે છે કે ઈ-મેલ અડ્રેસ મેળ નથી ખાતુ અથવા તે શાળા કોડને ઓળખતું નથી. | એ ખાતરી કરો કે ઈ-મેલ અડ્રેસ અને શાળા કોડની આગળ અથવા તેના પછી સ્પેસ (ખાલી જગ્યા) અથવા વિરામચિહ્નો ન હોય. |
| જો સત્રના દિવસે સગીર વ્યક્તિ ગેરહાજર રહે અથવા બીમાર હોય તો શું? | રસીકરણ માટે એક વધારાની તક ઉપલબ્ધ કરાવવામાં આવશે. |
| રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ શું છે? | વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: www.nhs.uk/conditions/vaccinations |

ટ્રસ્ટનું વડુમથક: Bridge Park Plaza, Bridge Park Road, Thurmaston, Leicester. LE4 8PQ
અધ્યક્ષ: Crishni Waring (ક્રિશનિ વેરિંગ) ચીફ એક્ઝિક્યુટિવ: Angela Hillery (એન્જેલા હિલેરી)
અમે એક ધૂમ્રપાન-મુક્ત ટ્રસ્ટ છીએ
અમારી ગોપનીયતા સૂચના અહીં જુઓ www.leicspart.nhs.uk/_Aboutus-Whatwedowithyourinformationprivacynotice.aspx
disability confident EMPLOYER

## તમે ઉપલબ્ધ કરાવવામાં આવતા રસીકરણ વિશે આ ભાષાઓમાં પણ જાણી શકો છો:

| અરબી | ફારસી | ગુજરાતી |
|---|---|---|
|  |  |  |
| tiny.cc/boosterinfoarabic | tiny.cc/boosterinfofarsi | tiny.cc/boosterinfogujarati |
| **હિન્દી** | **પોલિશ** | **પંજાબી** |
|  |  |  |
| tiny.cc/boosterinfohindi | tiny.cc/boosterinfopolish | tiny.cc/boosterinfopunjabi |
| **સ્પેનિશ** | **સોમાલી** | **ઉર્દૂ** |
|  |  |  |
| tiny.cc/boosterinfospanish | tiny.cc/boosterinfosomali | tiny.cc/boosterinfourdu |

**જો તમે આ માહિતી અન્ય કોઈ ભાષામાં ઈચ્છતા હોવ, તો અહીં મુલાકાત લેશો:**

**www.leicspart.nhs.uk/service/schoolagedimms**

| | |
|---|---|
| અરબી | ذا كنت ترغب في قراءة هذه الرسالة بلغة أخرى، قم بزيارة موقعنا على الإنترنت |
| ગુજરાતી | જો તમે આ પત્ર ગુજરાતીમાં વાંચવા માંગતા હો તો અમારી વેબસાઈટ પર જાઓ |
| પોલિશ | Jeśli chcesz przeczytać ten list w innym języku, przejdź na naszą stronę. |
| પંજાબી | ਜੇ ਤੁਸੀਂ ਇਸ ਪੱਤਰ ਨੂੰ ਕਿਸੇ ਹੋਰ ਭਾਸ਼ਾ ਵਿੱਚ ਪੜ੍ਹਨਾ ਚਾਹੁੰਦੇ ਹੋ ਤਾਂ ਸਾਡੀ ਵੈੱਬਸਾਈਟ 'ਤੇ ਜਾਓ |
| સોમાલી | Haddii aad jeclaan lahayd inaad ku akhrido warqadan luuqad kale, booqo boggayaga internetka |
| ઉર્દૂ | اگر آپ اردو میں یہ خط پڑھنا چاہتے ہیں تو ہماری ویب |
| યુક્રેનિયન | Якщо ви хотіли б прочитати цей лист іншою мовою, відвідайте |

ટ્રસ્ટનું વડુમથક: Bridge Park Plaza, Bridge Park Road, Thurmaston, Leicester. LE4 8PQ
અધ્યક્ષ: Crishni Waring (ક્રિશનિ વેરિંગ) ચીફ એક્ઝિક્યુટિવ: Angela Hillery (એન્જેલા હિલેરી)
અમે એક ધૂમ્રપાન-મુક્ત ટ્રસ્ટ છીએ
અમારી ગોપનીયતા સૂચના અહીં જુઓ www.leicspart.nhs.uk/_Aboutus-Whatwedowithyourinformationprivacynotice.aspx